B

A

O

U


**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

*(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)*

*"જ્યોતિર્મય" પરિસર,*

*શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,*

*છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧*

E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in


# સત્રીયકાર્ય ફેબ્રુઆરી ૨૦૧૭

## સ્નાતક પદવી અભ્યાસક્રમ: (BDP)

## પાઠયક્રમ શીર્ષક

# AFW-AWR

**પાઠયક્રમકોડ:- AFW-01:-ફિચર લેખન**

**પાઠયક્રમકોડ:- AWR-01:- રેડિયો માટે લેખન**

## અગત્યની સૂચનાઓ

- *વિદ્યાર્થીઓએ પોતાના પાઠયક્રમોના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના રહેશે.*
- *સત્રાંત પરીક્ષા આપવા માટે સ્વાધ્યાય કાર્ય રજુ કરવા ફરજીયાત છે. સ્વાધ્યાય કાર્ય જમા કરાવેલ નહીં હોય, તો પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.*
- *તૈયાર કરેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાની છેલ્લી તારીખ* 30/0૭/૨૦૧૭ *છે. આ તારીખ પછી વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્યો સ્વીકારવામાં આવશે નહી.*
- *જમા કરાવેલ સ્વાધ્યાયકાર્યોની પહોંચ અભ્યાસકેન્દ્ર પરથી લેવી ફરજીયાત છે.*
- *વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથેના સ્વાધ્યાયકાર્યો અભ્યાસ કેન્દ્ર પરથી અવશ્ય પરત લેવા.*
- *વિદ્યાર્થી પોતાના સ્વાધ્યાયકાર્યોના ગુણ યુનિવર્સિટીની વેબ-સાઈટ પર જોઈ શકશે.*
- *આ પાઠયક્રમ સ્નાતક પદવીનાં તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે વ્યવસાયલક્ષી પઠયક્રમો પૈકીનો એક છે.*
- *ત્રીજા વર્ષમાં વિદ્યાર્થી માટે વ્યવસાયલક્ષી પાઠયક્રમો પૈકી ઓછામાં ઓછા ૮ ક્રેડિટના અને વધુમાં વધુ ૧૬ ક્રેડિટના પાઠયક્રમો પસંદ કરવાના રહેશે.*

## સત્રીયકાર્ય માટે આવશ્યક સુચનાઓ

**પ્રિય વિદ્યાર્થી મિત્રો**

આપને દરેક પાઠયક્રમદીઠ એક સત્રીયકાર્ય તૈયાર કરવાનું ફરજિયાત છે. દરેક સત્રીયકાર્ય તમામ અભ્યાસ-સામગ્રી પર આધારીત હોય છે.

સત્રીયકાર્ય તૈયાર કરી આપના અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રી પાસે જમા કરાવવું અને તેની પાવતી અવશ્ય લેવી. દરેક સત્રીયકાર્યની ઝેરોક્ષ નકલ આપની પાસે રાખવી.

દરેક સત્રીયકાર્યના ૧૦૦ ગુણ નિશ્રિત છે. જેમાં પાસ થવા માટે B.A./B.com.માં ૩૬ ગુણ લાવવા જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% હોય છે. અભ્યાસકેન્દ્ર દ્વારા મૂલ્યાંકન કરાવેલ સત્રીયકાર્યો પરીક્ષામાં વાંચવા માટે પરત અવશ્ય લેવું. અભ્યાસકેન્દ્ર આપના સત્રીયકાર્યના ગુણો યુનિવર્સિટી અમદાવાદ ખાતે મોકલી આપશે. જે આપની માર્કશીટમાં ગુણગ્રેડ યાદીમાં સામેલ કરી (૭૦% પરીક્ષા અને ૩૦% સ્વાધ્યાયકાર્ય) ફાઈનલ ગુણગ્રેડ માર્કશીટ તૈયાર થશે.

આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. આપ વાંચનથી જે શીખ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી આપ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો.

યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે B.A./B.Com. ના પ્રથમ ,દ્વિતિય તથા તૃતિય વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીંગ બૉડની (A.P.B. મંજૂરી થી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે આપને આપના અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના હોય અને તેને નિશ્ચિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયાર કરી, આપના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે.

આપના પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.

નોંધણી નંબરઃ-______________________ અભ્યાસક્રમઃ-______________________

પૂરૂં નામઃ-______________________ પાઠ્યક્રમઃ-______________________

સરનામુંઃ-______________________ સ્વાધ્યાય સંખ્યાઃ-______________________

મોબાઈલ નંબરઃ-______________________ તારીખઃ-______________________

અમે ઈચ્છીએ છીએ કે આપ દરેક સત્રીયકાર્ય અલગ-અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે નિયત સમય મર્યાદામાં તૈયાર કરી અભ્યાસકેન્દ્ર પર જમા કરાવશો. મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથે પોતાના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત અવશ્ય લેવું.

જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જે ધ્યાને લેવું.

**શુભેચ્છા સહ,**

# ડૉ. બાબાસાહેબઆંબેડકરઓપન યુનિવર્સિટી

## પાઠયક્રમકોડઃ- AFW-01ઃ-ફિચર લેખન

## સત્રીયકાર્યકોડઃ-AFW-01/AST-01/TMA/2017

(તમામ પાઠયસામગ્રી પર આધારિત)

**અભ્યાસકેન્દ્રનેસોંપવાનીછેલ્લી તારીખ :-30/07/2017** **(કુલ ગુણ:-100)**

*વિભાગ –ક* *વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબો ૧૫૦૦ શબ્દોમાં આપો.* (૨ x૨૦ =૪૦)

૧ સામાજિક સંદર્ભમાં ફિચરની વિભાવના સ્પષ્ટ કરી, ફિચરનાં લક્ષણોની વિગતે ચર્ચા કરો.

અથવા

સુયોગ્ય સમીક્ષાની સમજણ આપી, સુયોગ્ય સમીક્ષાનાં લક્ષણોની વિસ્તૃત ચર્ચા કરો.

૨ 'ચરિત્રચિત્ર'નો હેતુ સ્પષ્ટ કરી ' ચરિત્રચિત્ર'નો પ્રકારોની ઝીણવટ ભરી છણાવટ કરો.

અથવા

પ્રવાસલેખન એટલે શું ? તે સ્પષ્ટ કરી વિવિધ પ્રકારના પ્રવાસલેખન અંગેની ચર્ચા કરો.

*વિભાગ -ખ* *મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં જણાવો. (ગમે તે બે)* *(૨x૧૫ =૩૦)*

૧ આર્થિક-લેખન એટલે શું ? આર્થિકલેખન (રૂપક)ના પ્રકારોની ટૂંકમાં ચર્ચા કરો.

૨ સરકારની રમત-ગમત નીતિ શું છે? તમે એમાં કેવા સૂચનો કરવા માંગો છો ? શાથી?

૩ તમને ગમતી કોઈ એક મહાન વ્યકિતનું વ્યકિતચિત્ર તમારા શબ્દોમાં લખો.

૪ પુસ્તક સમીક્ષા એટલે શું? તમે તાજેતરમાં વાંચેલા કોઈ એક પુસ્તકની સમીક્ષા લખો.

*વિભાગ -ગ નીચે આપેલા પ્રશ્નોના વિશે ટૂંકમાં જવાબ લખો. (ગમે તે ચાર)* *(૪x ૫=૨૦)*

૧ નારી સંરક્ષણ અને ઉત્કર્ષ માટેનાં તમારા સૂચનો કેન્દ્ર સરકાર અને સમાજ માટે કેવી રીતે ઉપયોગી છે, તે ચર્ચો.

૨ બાળકોએ કેવા પ્રકારનું સાહિત્ય વાંચવું જોઈએ તે તમારા શબ્દોમાં વિસ્તૃત રૂપે આલેખો.

૩ ગ્રામ્ય પ્રદેશનાં પ્રશ્નો અંગેના ફિચરનાં પ્રકારો વર્ણવો.

૪ પ્રવાસલેખન વિશે ટૂંકમાં માહિતી આપી, આપણે કરેલા પ્રવાસ અંગે આપણે લખવું જોઈએ કે કેમ? તેની ચર્ચા કરો.

*વિભાગ –ઘ* *નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. (ગમે તે એક)* *(૧x ૧૦=૧૦)*

૧ સામાજિક ફિચર શું છે? સામાજિક લેખન પ્રકારો ટૂંકમાં વર્ણવો.

૨ સાંસ્કૃતિક ફિચર શું છે? સાંસ્કૃતિક ફિચરનાં પ્રકારોની ચર્ચા કરો.

૩ વૈજ્ઞાનિક ફિચરની વિભાવના સ્પષ્ટ કરી, વૈજ્ઞાનિક લેખના પ્રકારોની વિસ્તૃત ચર્ચા કરો.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## પાઠયક્રમકોડઃ- AWR-01:- રેડિયો માટે લેખન

### સત્રીયકાર્યકોડ :-AWR-01/AST-01/TMA/2017

### (તમામ પાઠયસામગ્રી પર આધારિત)

AFW-01

**અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/07/2017** **(કુલ ગુણ:-100)**

**વિભાગ-ક** **વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો.** (૨×૨૦=૪૦)

૧ *જનસંપર્કનાં માધ્યમ તરીકે રેડિયોનું મહત્ત્વ સમજાવી, તેનાં ભૌતિક તેમજ સંસ્થાકીય માળખાની ચર્ચા કરો.*

**અથવા**

*ઐતિહાસિક દ્રષ્ટિને ધ્યાનમાં રાખી ભારતમાં રેડિયોનાં ઉદ્ભવ અને વિકાસની રૂપરેખા આપો.*

૧ *આજના આધુનિક સમાજમાં અધ્યયન-અધ્યાપનમાં શિક્ષણનાં સાધન તરીકે રેડિયોની ભૂમિકાની સાધક-બાધક ચર્ચા કરો.*

**અથવા**

*જાહેરસેવા ઉદ્ઘોષણા એટલે શું ?* (What is PSA) *તે જણાવી વ્યાપારી જાહેરાતો અને જાહેરસેવા ઉદ્ઘોષણા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.*

**વિભાગ-ખ** **મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો.(ગમે તે બે)** (૨×૧૫=૩૦)

૧ *જાહેરસેવા ઉદ્ઘોષણા એટલે શું ? બાળકોના કુપોષણ અંગે રેડિયો પરથી જાહેર સેવા ઉદ્ઘોષણા માટેની સ્ક્રીપ્ટ તૈયાર કરો.*

૨ *‘ બેટી બચાવો દેશ બચાવો ’ અભિયાન અંતર્ગત રેડિયો પર ચર્ચા કરવા માટે રેડિયો સ્ક્રીપ્ટ તૈયાર કરો.*

૩ *સમાચાર એટલે શું ? સમાચારનાં ઘટકો દર્શાવી સમાચાર પ્રસારણ માટેના સમાચાર હસ્તપ્રતની લાક્ષણિકતાઓની વિગતે ચર્ચા કરો.*

૪ *અવૈધ શિક્ષણ વ્યવસ્થાના વિદ્યાર્થીઓ માટે રેડિયો વાર્તાલાપના આવશ્યક લક્ષણોની ચર્ચા કરો.*

**વિભાગ-ગ** **નીચે આપેલા પ્રશ્નોના જવાબ ૫૦૦ શબ્દોમાં આપો. .(ગમે તે બે)** (૨×૧૦ =૨૦)

૧ *‘ સ્વચ્છ ભારત અભિયાન ’ અંતર્ગત જનસમાજ સુધી સંદેશો પહોંચાડવા માટે રેડિયો ઉપર પી.એસ.એ. માટેની નકલ તૈયાર કરો. (૩૦ સેકન્ડ કેપ્સૂલ)*

૨ *રંગભૂમિ અને રેડિયો નાટક વચ્ચે તફાવત સમજાવો.*

૩ *રેડિયો ઉપર નવલકથાની શ્રેણીબદ્ધતા વિશે ચર્ચા કરો.*

૪ *વિનોદવૃતિ લોકોને હસાવી શકે ? ચર્ટિલના ઉદાહરણ સાથે આ બાબત સમજાવો.*

**વિભાગ-ઘ** **નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. (ગમે તે એક)** (૧×૧૦=૧૦)

૧ *‘ભાષા અને સાહિત્યનાં શિક્ષણ માટે રેડિયો એક સુયોગ્ય માધ્યમ છે. – વિધાનની વિગતે ચર્ચા કરો.*

૨ *શાળા કક્ષાએ રાષ્ટ્રીય એકતા તથા વૈશ્વિક દ્રષ્ટિબિંદુના વિકાસમાં રેડિયોનું યોગદાન.*

૩ *વૈધિક અને અવૈધિક શિક્ષણ વચ્ચેનો તફાવત.*